

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## છત્રાલા અને ડીસામાં લીલા લાકડા ભરેલ ટ્રેક્ટર પકડાયા

ડીસા તાલુકાના છત્રાલા નજીક અને ડીસા રેલ્વે સ્ટેશન રોડ પરથી લીલા લાકડા ભરેલા બે ટ્રેકટરો પકડાતા તેને અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડીસા તાલુકામાં લીલા વૃક્ષોની કત્લેઆમ વધતા તંત્રએ ગેરકાયદેસર લીલા વૃક્ષો કાપી સો મિલોમાં પધરાવતા ઈસમો વિરૂધ્ધ તંત્રએ લાલ આંખ કરવાનું શરૂ કર્યું છે. જેમાં ભીલડી સર્કલ બાબુભાઈ જોષીએ ડીસાના છત્રાલા ગામ પાસે લીલા લાકડા ભરીને આવતા જીજે ૮ પી ૬૧૦૫ નંબરના ટ્રેકટરને અટકાવી તેની પૂછતાછ કરતા તેની પાસે લીલા લાકડા અંગેના કોઈ આધારભૂત પુરાવા ન મળતા ટ્રેકટર ચાલક ઈશ્વર દેવરાજ પટણી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ટ્રેકટરને કબજે લેવાયું હતું. જ્યારે ડીસાના મામલતદારે જીજે ૮૧ ૧૮૩૭ નંબરના ટ્રેકટરને અટકાવી ટ્રેકટર ચાલક કનુભાઈ લાલજીભાઈ પટણીની પૂછતાછ કરી હતી. પરંતુ તેની પાસે પાસ પરમીટ ન મળતા ટ્રેકટર સહીત મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાયડમાં વાત્રક સીડ્સની પડતર જમીન પરનું દબાણ હટાવાયુ

## પોલીસ કાફલાની હાજરીમાં ઉભા પાક પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું : ખેડુતોએ હોબાળો મચાવ્યો

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૫

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં છેલ્લા ચાર મહિનાથી ચર્ચાના ચગડોળે ચડેલ વાત્રક ખાતેની સીડસ ફાર્મની પડતર જમીન પરનુ દબાણ બુધવારના રોજ સવારે પોલીસ કાફલાની સાથે હટાવાતા તંત્ર અને ખેડુતો વચ્ચે ઘર્ષણ ઉભુ થવા પામ્યુ હતુ. આ અંગે બાયડ પ્રાંત અધિકારી ધ્વારા તાત્કાલીક ધોરણે આ દબાણ હટાવવા માલતદાર તથા પોલીસને આદેશ કરાતાં બુધવારના રોજ વહેલી સવારે ૨૦૦ જેટલા પોલીસ અધિકારીઓના કાફલા સાથે તંત્ર વાત્રક ગામના સીમાડામાં પહોચ્યુ હતુ. જયાં આર એન્ડ બીના જેસીબી અને ટ્રેકટરની મદદથી ઊભો પાક ઉખેડી નાખી દબાણ દુર કરવાની કામગીર હાથ ધરાતાં મહિલા અને ખેડુતોના ટોળાએ હોબાળો મચાવતા એક સમય માટે વાતાવરણ તંગ બની ગયુ હતુ ત્યારે આગામી સમયમાં ખેડુતો અને તંત્ર વચ્ચે કાનુની જંગ છેડાશે તેવા એધાણ વર્તાઈ રહયા છે.



ખેતીવાડી વિભાગને બીજ વૃધ્ધી કેન્દ્ર અને નર્સરી માટે વાટડા વાત્રક ગ્રામ પંચાયતના સીમાડામાં જમીન ફાળવવામાં આવી હતી. સીડસ ફાર્મ તરીકે ઓળખાતી જમીન સરકાર ધ્વારા પોતાન શસ્તક કર્યા બાદ તાજેતરમાં બાયડ સરકારી વીનયન કોલેજનુ નિર્માણ શરૂ થયુ છે ત્યારે ગામના ૫ જેટલા ખેડુતોએ જમીન અમારી છે તેવો દાવો કરીને રવિ પાકનુ વાવેતર કર્યુ હતુ. આ અંગે ફરીયાદ થયા પછી તાલુકા વહીવટ તંત્રએ નવેમ્બર મહિનાથી દબાણ હટાવવા માટે ની કામગીરી હાથ ધરી હતી. પરંતુ ખેડુતોએ મચક આપી ન હતી. જયારે તા.૩૦ નવેમ્બરના રોજ તંત્ર ધ્વારા ફરીથી દબાણ હટાવવાની કામગરી કરતાં ખેડુતોએ હલ્લાબોલ કર્યો હતો જેને લઈને એક સમય માટે અધિકારીઓને જગ્યા પરથી ભાગવુ પડયુ હતુ. જયારે આ દબાણ કરનાર ખેડુતોને કલમ ૬૧ હેઠળ નોટીસ ફટકારવામાં આવી હતી અને ૭૧૬૫ અને ૮૦૦૦ રૂ.નો દંડ કરવામાં આવ્ય હતો અને વસુલવામાં આવ્યો હતો. મહેસુલી કાયદાની કલમ ૨૦૨ હેઠળ દબાણકારોને સ્વયં દબાણ હટાવી લેવાની મુદત આપવામાં આવી હતી પરંતુ દબાણ ન હટાવતા છેવટે વહીવટી તંત્ર હરકતમાં આવી ગયુ હતુ.

ત્યારે આ સમગ્ર મામલો બાયડ પ્રાંત અધિકારીએ હાથમાં લીધો હતો અને આ જમીન પરનુ દબાણ દુર કરવા બાયડ મામલતદાર બાયડ આબલીયારા, માલપુર તેમજ મોડાસા એસઓજીના સ્ટાફ દબાણ હટાવવા સ્થળ પર પહોચ્યા હતા ત્યાં તંત્ર ધ્વારા ઉભા પાક ઉપર બુલડોઝર ફેરવતા તંત્ર અને ખેડુતો વચ્ચે એક સમય માટે ઘર્ષણ ઉભુ થવા પામ્યુ હતુ.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# મેઘરજમાં બીએસએનએલની બ્રોડબેન્ડ સેવા ગોકળગાય ગતિએ

## મેઘરજ તાલુકા મથકે બીએસએનએલની કોઈ પુરતી સેવા વ્યવસ્થા નથી : તાલુકા મથક શોભાના ગાંઠીયા સમાન

ઈસરી, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં મેઘરજ તાલુકો હાલ અરવલ્લી જિલ્લામાં આવવા છતાં માત્ર તાલુકા મથક કહેવાય છે પરંતુ તાલુકામાં જનતાને ઝડપી સેવા માટે કોઈ વ્યવસ્થા તંત્ર જ નથી.

પ્રાપ્ત માહિતી મુજબ મેઘરજ કાતે પ્રા. શાળા, માધ્યમિક શાળા, કોલેજ બીએડ તાલીમી સંસ્થા, આઈટીઆઈ સીવીલ પ્રા. આ. કેન્દ્ર મામલતદાર કચેરી સીવીલ કોર્ટ ખાનગી માધ્યમિક શાળાઓ, નર્સીંગ સેન્ટરો અને ૪૦ થી વધુ કોમ્પ્યુટરવાળા છે. એસ.ટી. કંટ્રોલ પોઈંટ પણ છે. આ દરેક જગ્યાએ બ્રોડબેન્ડ ઈન્ટરનેટનો ઉપયોગ થાય છે. બ્રોડબેન્ડ માટે ઈન્ટરનેટની વ્યવસ્થા સંચાલન મેઘરજ તાલુકા મથકેથી નથી થતુ અને માલપુરથી થાય છે. માલપુરથી મેઘરજ ૨૨ કીમી નું અંતર હોવાથી મેઘરજ ખાતે બ્રોડબેન્ડ ખૂબજ ધીમી ગતિએ ચાલે છે. જેથી કામ કરવામાં સરળતા રહેતી નથી.

જાણવા મળ્યું છે કે મેઘરજ એસ.ટી. કંટ્રોલ પોઈંટથી પાસ કઢાવવા વિદ્યાર્થીઓ લાઈનમાં ઉભા હોય છે પરંતુ પાસ ઝડપથી નીકળતા નથી. કારણ કે બ્રોડબેન્ડની ઝડપ પુરતી હોતી નથી. ધીમી ગતિના કારણે મોડે મોડે કામ થાય છે. આજ પ્રમાણે ખાનગી બ્રોડબેન્ડવાળા પણ કંટાળી ગયા છે. વળી, બીએસએનએલના બીલો તારીખ વીતી ગયા પછી મેઘરજ ખાતે સ્વીકારાતાં નથી જેથી મોડાસા ૨૨ કીમી.નું ૫૦ રૂ. ભાડુ ખર્ચીને જવુ પડે છે. તો તાલુકાનો દરજ્જો હોવા છતાં અને ટેલિફોન કચેરી હોવા છતાં લેટ બીલો લેવાની સગવડ થાય તો જનતાને વધુ ફાયદો થાય. આ અંગે તંત્ર જાગશે ખરુ ? કે પછી આમને આમ જનતાને હેરાન થવાનું રહેશે ?



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજ હાઈવે પરથી ૧.૬૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે પરના ત્રણ રસ્તા પાસેથી પોલીસે કારમાં લઈ જવાતો વિદેશી દારૂનો રૂપિયા ૧,૬૮,૬૦૦ની કિંમતનો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે રાજસ્થાન તરફથી આવી રહેલ એસેન્ટ કાર નં. જીજે-૧૮-એએમ-૫૨૪૨ના ચાલક નિર્ભયસિંહ ભવાનસિંહ રાઠોડ (રહે. બસીકલાવળ, તા. સુલુમર, રાજસ્થાન) અને દુમરસિંહ સીસાયાદી (રહે. રાજસ્થાન)ની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી પરમીટ વગરનો વિદેશી બનાવટની ૬૬૦ નંગ બીયરની બોટલ અને ૨.૫૦ લાખની કાર સહિત રૂપિયા ૪.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# મેઘરજમાં પી.એસ.આઈ. મોડિયાએ ચાર્જ સંભાળતાં જ ટ્રાફિકની સમસ્યા હળવી

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં વાહન ચાલકો ટ્રાફિકના નિયમોનુ પાલન કરવામાં બેદરકારી દાખવતા હતા તેમજ મેઘરજ તાલુકાના વાહન ચાલકો મેઘરજમાં ધધાર્થે આવતા લોકો પણ પોતાના વાહનો આડેધડ પાર્કિંગ કરીને જતા રહેતા હતા. આ ઉપરાંત ધૂમ સ્ટાઈલે બાઈક ચલાવનાર લબરમૂછીયા પણ બેફામ બની ગયા હતા પરંતુ મેઘરજ પોલિસ સ્ટેશનમાં પી.એસ.આઈ. મોડિયાની નિમણુંક થતા આડેધડ પાર્કિંગ કરનારા અને બેફામ ગતિએ બાઈક ચલાવતા બાઈકર્સ ગેંગ સાવચેત થઈ જવા પામ્યો છે.

અગાઉ મેઘરજ તાલુકામાં પીએસઆઈ આર.ડી. સગરે ચાર્જ સંભાળતા શહેરમાં આડેધડ પાર્કિંગ અને બાઈકર્સ ગેંગ ઉપર કડકાઈ હાથ ધરતાં થોડો સમય બેફામ રીતે વાહન હંકારતા અને આડેધડ વાહન પાર્ક કરીને જતા રહેતા લોકો સાવચેત બની ગયા હતા પરંતુ ટ્રાફિકને નિયમન તંત્રને યોગ્ય રીતે લોકો જાળવે તેવા પ્રયત્નો કરવાના શરુ કરી થોડા ઘણા અંશે સફળતા પણ મળી હતી ત્યાં જ તેમને ટ્રેનીંગમાં જવાનું થતાં મેઘરજ પોલિસ સ્ટેશનનો ચાર્જ પી.એસ.આઈ. મોડિયાને સોંપાયો હતો મોડિયાએ ચાર્જ સંભાળતાની સાથે જ શહેરમાં પાર્કિંગની કથળતી જતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સ્ટાફના સહયોગ સાથે આડેધડ પાર્કિંગ કરવા વાહનચાલકો અને ધૂમ સ્ટાઈલથી બાઈક ચલાવતી બાઈકર્સ ગેંગ સામે લાંલ આંખ ઉઠાવતાં છેલ્લા કેટલાક દિવસથી બસ સ્ટેન્ડ વિસ્તારના રહીશો અને વેપારીવર્ગમાં આનંદ છવાયો છે.

મેઘરજના અગ્રણી વેપારીના જણાવ્યા મુજબ આ કંટ્રોલ કાયમી જળવાઈ રહે તેવી લાગણી મેઘરજની આમ જનતામાં પ્રવર્તી છે. સ્કૂલ-કોલેજ અને બસ સ્ટેન્ડ વિસ્તારમાં બાઈક હંકાવનાર લબરમુછીયા સામે સઘન કાર્યવાહી કરવામાં આવે તેવું પણ મેઘરજના પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

# આર્ટસ કોલેજ મોડાસાની એન. એસ. એસ. વાર્ષિક શિબિર યોજાઈ

(જય અમીન) મોડાસા, તા. ૫

મોડાસાની એસ.કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ ઓએમ આર્ટસ કોલેજ મોડાસા દ્વારા આયોજીત રાષ્ટ્રીય સેવા યોજના શિબિર તાજેતરમાં સાકરીયા ખાતે યોજાઈ જેમાં ઉદ્દ્ઘાટક તરીકે આર્ટસ કોલેજના પ્રભારી મંત્રી સુભાષભાઈ શાહ, કા. આચાર્ય પ્રા. દિપકભાઈ જોષી, પ્રા. ડૉ. અશોકભાઈ પટેલ, પ્રા. રમણભાઈ રોહિત, સરપંચશ્રી મિનેષભાઈ પટેલ, ઉમેશાઈ પટેલ, ઉપાધ્યાય ભીખાભાઈ, અરવિંદભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ ખુલ્લી મુકવામાં આવી હતી. આ શિબિરમાં ગ્રામ વિકાસ અને સ્વચ્છતા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. સાથે વિવિધ પ્રવૃત્તિઓનો પ્રત્યક્ષ રૂપે પ્રચાર થાય તે હેતુથી ગ્રામજનો સાથે બેઠક યોજવામાં આવી હતી. આ શિબિરમાં પ્રભાતફેરી તેમજ યુવામતદાર જાગૃતિ, વિશ્વ મહિલા દિનની ઉજવણી, ચશ્મા શિબિર દ્વારા વિદ્યાર્થીઓએ ઘેર ઘેર શૌચાલયો ઉભા કરવા માટે ગ્રામજનોને જાગૃત કર્યા હતા. રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

સમાપન સમારોહમાં મોડાસાના બાલ મંદિરના પ્રમુખ નિલેશભાઈ જોષી, જયંતિભાઈ પટેલ ઉપસરપંચ સાકરીયા, કિરિટભાઈ શાહ, પ્રા. હાર્દિક પંચાલ, સમસ્ત ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શિબિરમાં શ્રેષ્ઠ સ્વયં સેવક તરીકે પગી વિષ્ણુભાઈ જે. તથા શ્રેષ્ઠ સ્વયંસેવક તરીકે મકવાણા કિશન જે. ની પસંદગી કરવામાં આવી હતી. આ શિબિમાં પ્રોગ્રામ ઓફીસર પ્રા. એમ.બી. દેશમુખ તથા પ્રા. દિગ્ગજભાઈ શાહ શાળાના આચાર્ય મિનેષભાઈ પંચાલ, કોલેજ પરિવાર ગણ તેમજ સ્વયંસેવક રોશની રાઠોડ, અવિનાશ રાઠોડ, ગોવિંદ ભરવાડ સમગ્ર સ્વયંસેવક ભાઈઓ-બહેનોએ શિબિરને સફળ બનાવી હતી. કાર્યક્રમની સફળતા માટે મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઊંઝામાં ૧૮ બોરી એરંડાની ચોરી ખેતરમાં સંતાડેલ બોરીઓ મળી

ઊંઝા, તા. ૫

ઊંઝા નજીકના ઐઠોર ગામની સીમમાં આવેલ સિધ્ધિ વિનાયક એસ્ટેટના એક ગોડાઉનનું રાતના સમયે કેટલાક તસ્કરોએ તાળું તોડી અંદરથી એરંડાની ૧૮ બોરીઓની ઉઠાંતરી કરી આ માલ નજીકના એક વાવેતરવાળા ખેતરમાં નાંખીને ક્યાંક નાસી છૂટ્યા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છએ કે, ઊંઝા નજીકના ઐઠોર ગામની સીમમાં સિધ્ધિ વિનાયક એસ્ટેટ આવેલ છે. આ એસ્ટેટના ગોડાઉન નં. ૫૯ સ્ટાર એગ્રી હાઉસીંગનું મધરાત બાદ કેટલાક તસ્કરોએ તાળુ તોડી અંદરથી એરંડાની ૭૫ કિલોની એક બોરી એવી ૧૮ બોરીઓની ઉઠાંતરી કરી હતી. બાદ આ માલ નજીકમાં આવેલ ઘઉંના વાવેતરવાળા ખેતરમાં નાંખી દઈ ક્યાંક પલાયન થઈ ગયા હતા.

લક્ષ્મીપુરા(ઉનાવા)ના ચૌધરી દશરથભાઈ રામજીભાઈની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે જીપડાલા નં. જીજે.૨ વી.વી. ૩૬૩૪ ના ચાલક જયંતિ શીવરામભાઈ રહે. ઉનાવા તથા ગોડાઉનનું તાળુ તોડનાર ઈસમો વિરૂદ્ધ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંઝા પાસે મીની ટ્રક પાછળ મોટર સાયકલ અથડાતાં બે યુવાનના મોત

ઊંઝા, તા. ૫

ઊંઝા-મહેસાણા હાઈવે પર મોટી દાઉના પાટીયા પાસે રાત્રિના સમયે એક મીની ટ્રકના પાછળના ભાગે મોટર સાયકલ ટકરાતાં તેના પર સવાર બે યુવાનોના ઘટના સ્થળે કરૂણ મોત નીપજ્યા હતા.

મહેસાણા તાલુકાના નાની દાઉ ગામના વિનુજી બળવંત ઠાકોર અને મહેશજી ઠાકોર નામના બે યુવાનો મોટરસાયકલ પર ઊંઝા તાલુકાના કોઈ ગામે ગરબાનો કાર્યક્રમ જોવા માટે ગયા હતા. આ ગરબાનો કાર્યક્રમ જોઈ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે માર્ગમાં મોટી દાઉના પાટીયા પાસે એક મીની ટ્રક પાછળ તેમની મોટરસાયકલ ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતના કારણે ગંભીર ઈજાઓ થવાથી આ બંને યુવાનોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા. જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ગમગીનીનો માહોલ ફેલાઈ ગયો હતો. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે ઘટનાસ્થળે જઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મહેસાણા જિલ્લામાં ઘણા સમયથી જીવલેણ અકસ્માતોનું પ્રમાણ વધવા પામ્યું છે.

## ખેડબ્રહ્મામાં ટ્રકની ટકકરથી યુવાનને ગંભીર ઈજા

ખેડબ્રહ્મા, તા.૫

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે વહેલી સવારે પોતાના પ્લેઝર સ્કુટર પર જઈ રહેલા જનક પ્રજાપતિ નામના યુવાનને એક અજાણ્યા ટ્રકે ટકકર મારતાં તેને ગરદનના મણકાને ઈજા પહોંચી હતી. આ ઈજાના કારણે યુવાને તેની ડોક ચારે બાજુ ફરવાની ગંભીર બિમારીના ભોગ બનવું પડયું છે. આ યુવાનને ટકકર મારનાર ટ્રકમાં ખનિજ ચોરીનો માલ ભર્યો હોવાની આશંકા વ્યકત કરાઈ રહી છે. આ પંથકમાં ખનિજ ચોરીનો માલ ભરીને આડેધડ બેફામ ગતિએ ભાગતા વાહનોના કારણે અનેક નિર્દોષ લોકોની જીંદગી જોખમમાં મુકાઈ રહી છે. બેરોકટોક દોડી રહેલા આ વાહનો પર સત્વરે નિયંત્રણ મુકાય તેવી જનતામાં માંગ ઉઠવા પામી છે.

## ઓઢવા પ્રાથમિક શાળામાં ધ્વજ વંદન

ડીસા તાલુકામાં આવેલી ઓઢવા પ્રાથમિક શાળામાં ૬૬માં પ્રજાસત્તાક પર્વની ધામધુમ અને દેશ ભક્તિના માહોલ સાથે ઉજવણી કરાઈ હતી. અને રાષ્ટ્રની આનબાન શાન સમા તિરંગાને સલામી આપવામાં આવી હતી.

વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમાં કરી લોકોને મંત્ર મુગ્ધ કર્યા હતા. શાળા પરીવાર દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરાયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનાર બાળકોને દાતાઓ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સરપંચ સેંધાજી વિરમાજીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. હીરાજી મોહનજી તરફથી શાળા વિકાસ માટે રૂા. ૧,૦૦,૦૦૦ તથા દેવાભાઈ સેંધાભાઈ તરફથી ઠંડા પીણાનું કુલર, ડાભી ગમનજી માધાજી તરફથી એલ.સી.ડી. ટી.વી. તેમજ ગામના ગ્રામજનો તરફથી ૧૫ પંખા તેમજ દેસાઈ પ્રવિણભાઈ ચેલાભાઈ તરફથી શેતરંજીનું દાન મળ્યું હતું. દેસાઈ રેવાભાઈ પીરાભાઈએ કાર્યક્રમને સફળ બનાવા સહકાર આપ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦